# અર્ધનગ્ન નૃત્ય : અસભ્યતા છે?

એક સાંજનો માહોલ છે. દરેક ઉંમરની, જાડી-પાતળી, ઊંચી-નીચી, ગોરી-કાળી, બૂચી આંખોવાળી અને લાંબા ટૂંકા વાળવાળી અનેક છોકરીઓ-સ્ત્રીઓ મોટા અવાજે આનંદના અતિરેકમાં, ઉશ્કેરાટમાં ચીસો પાડી રહી છે. એમના હાથમાં પકડેલા ગુલાબી રંગના ડૉલર જેવા રૂપિયાની નોટો ઉડાડી રહી છે... કેટલીક સ્ત્રીઓએ પોતાના શર્ટનાં બટન ખોલી નાખ્યાં છે... 'બ્રાઇડ ટુ બી'ના બૅન્ડ પહેરેલી રૂપાળી છોકરીઓ પર આ ટોળામાં સામેલ છે! સ્ટેજ ઉપર કેટલાક અદ્ભુત શરીર ધરાવતા છોકરાઓ નાચી રહ્યા છે. લોહી ગરમ કરી નાખે એવું સંગીત કાન ફાટી જાય એવી રીતે ગુંજી રહ્યું છે. સ્ટેજ ઉપરથી છોકરાઓ નીચે ઊતરી આવે છે. એમના ગ્રીક ગૉડ જેવાં શરીરો સંગીતની સાથે અજબ જેવી લચકમાં ઝૂમે છે. ઑડિયન્સમાં બેઠેલી છોકરીઓ, સ્ત્રીઓને આ છોકરાઓ સ્પર્શે છે, એમના ખોળામાં બેસી જાય છે, એમના કાન પાસે ચૂમે છે, એમના હાથ ઉપર હાથ ફેરવે છે, એમની કમરને પોતાની બે હથેળીમાં પકડીને એ સ્ત્રીઓનાં શરીરને એવી રીતે લચકાવે છે જેનાથી ઑડિયન્સમાં બેઠેલી સ્ત્રીઓ અને લચકી રહેલી સ્ત્રી સૌનું લોહી ધમધમાટ કરતું નસોમાં વહેવા લાગે છે! આ જગ્યા છે લાસ વેગાસ... એને લોકો 'સીન સિટી'ના નામે ઓળખે છે. કહેવાય છે કે, 'વ્હોટ હેપન્સ ઈન વેગાસ, સ્ટેઇઝ ઈન વેગાસ (વેગાસમાં જે કંઈ બને છે એ બધું અહીં જ મૂકીને જવાનું – કોઈ અહીંથી બહાર વાત નહીં કરે અને તમારે પણ વેગાસમાં બનેલી ઘટનાઓને ભૂલી જવાની!)'

'ચીપેન્ડેલ' નામનો આ શો વેગાસમાં ખૂબ જ લોકપ્રિય છે. વેગાસ ગયા હોય એણે આ શો ન જોયો હોય તો નવાઈ લાગે...

કોઈ પણ પ્રકારના છોછ કે જજમેન્ટ વગર મજા કરવાની આ જગ્યા છે. જેમ પોલડાન્સ અને સ્ટ્રીપ ક્લબ હોય છે એમ હવે છોકરાઓ પણ પોતાનાં અદ્ભુત શરીરોનું પ્રદર્શન કરી શકે છે, કરે છે! હિંદી સિનેમાએ પણ આ કથાને એક વાર રજૂ કરી દીધી છે... 'દેશી બૉય્ઝ' નામની એક ફિલ્મ આવા જ મેઇલ સ્ટ્રીપ ડાન્સરની વાર્તા લઈને આવી હતી. મજા એ છે કે, આવી ક્લબ્ઝમાં ઍટલિસ્ટ અમેરિકામાં લગભગ ૨૦૦ સ્ત્રીઓની વચ્ચે એક પણ ભારતીય કે ગુજરાતી સ્ત્રી જોવા મળી નહીં! આ યોગાનુયોગ હોઈ શકે છે. એ જ દિવસે આવી કોઈ સ્ત્રી ન હોય એમ પણ બને, પરંતુ જરા વિસ્તૃત રીતે સમજવાનો પ્રયત્ન કરીએ તો આપણા દેશની માનસિકતા અને ઉછેર સ્ત્રીને 'સંસ્કાર'ના નામે આવી ક્લબમાં જતાં રોકે છે. એની માનસિકતા એને પુરુષને નાચતો, કપડાં ઉતારતો કે સ્ત્રીને સ્પર્શ કરીને અમુક રીતે આહ્‌લાદ જગાડતો જોવાની છૂટ આપતી નથી, કદાચ! આમાં વળી, એકાદ આવો પુરુષ આવીને એને પોતાને સ્પર્શે તો શું થાય?

મેઇલ સ્ટ્રીપ્ટીઝ વિદેશ માટે હવે નવો શબ્દ નથી રહ્યો. પ્રમાણમાં રૂઢિચુસ્ત મનાતા ઇંગ્લૅન્ડ અને ફ્રાંસમાં પણ હવે આવા શોઝ જોવા મળે છે. એમ્સ્ટર્ડેમ કે પેરિસ જઈએ તો 'લાઇવ શોઝ' અને 'લીડો' જેવી જીવનની એક અનોખી અનુભૂતિ લીધા વિના પાછા ફરવું એ યુરોપનો પ્રવાસ અધૂરો રાખ્યા જેવી વાત છે. ઑડિયન્સમાં ખુરશીમાં બેઠેલા લોકો અત્યંત સજ્જનતા અને નિરાંત સાથે જોઈ રહ્યા હોય... કોઈને ચીસો પાડવાની કે ઊભા થવાની છૂટ ન હોય એ પછી સ્ટેજ ઉપર અદ્ભુત શરીર ધરાવતી એક સ્ત્રી અને એક પુરુષ 'સેક્સ' પ્રદર્શન કરે કે, 'પોલીગેમી' અથવા 'લેસ્બિયન' સંબંધોનું પ્રદર્શન કરે. આમાં ક્યાંય કશું વલ્ગર, ગંદું કે ઔચિત્યભંગ જેવું ન હોય. લીડો શોઝમાં કલાત્મક રીતે શરીરને ઢાંકીને સંપૂર્ણપણે નિર્વસ્ત્ર સ્ત્રીઓ જે રીતે નૃત્ય કરે અને જે પ્રકારના અંગ કસરતના દાવ કરે એ જોઈને અહોભાવ સિવાયની કોઈ લાગણી ભાગ્યે જ જન્મે...

સવાલ એ નથી કે, આપણી સંસ્કારિતા અને ભારતીય સભ્યતા આપણને આવું કરવાની છૂટ આપે છે કે કેમ? સવાલ એ છે કે જ્યારે આપણે દુનિયા જોવા નીકળીએ ત્યારે જોવાલાયક એક આ દુનિયા પણ છે... અહીં સંપૂર્ણ સન્માન સાથે આવાં નૃત્યો થાય છે. એમાં ઉડાડવા માટે જે કાગળના પીસ આપવામાં આવે છે એના ઉપર 'ચીપેન્ડેલ'માં ડાન્સ કરતા છોકરાઓનાં નામ અને એના શરીરનાં માપ (વાઇટલ સ્ટેટિસ્ટિક્સ) છાપેલાં હોય છે. અમેરિકા - અથવા લાસ વેગાસ ગમે તેટલું મૉડર્ન હોય, ત્યાં ગમે તેટલાં પાપ થતાં હોય પણ એ દેશમાં આવા કાર્યક્રમોમાં ડૉલરની નોટો ઉડાડવાની છૂટ નથી. એટલું જ નહીં, જો કોઈને ડૉલર આપવા હોય તો એના હાથમાં આપવા પડે. છોકરીઓની સ્ટ્રીપ ક્લબમાં આપણે એના અંતઃવસ્ત્રમાં ડૉલરની નોટ ભરાવી શકીએ, પરંતુ ઉડાડી ન શકીએ. એમની

કરન્સી માટે આ એમનું સન્માન છે. એની સામે આપણા ડાયરાઓમાં ઊડતી નોટો ક્યારેક આપણને આપણી લક્ષ્મી અને કરન્સી બેઉ માટેનું સન્માન કેટલું છે તે બતાવીને શરમજનક સ્થિતિમાં મૂકે છે! એથી આગળ જોઈએ ત્યારે સમજાય કે આ કોઈ છોકરીઓ-છોકરાઓને પોતાના ફોન નંબર એક્સ્ચેન્જ કરવાની કે કાર્યક્રમમાં આવેલા કોઈ પણ પ્રેક્ષકને અંગત રીતે મળવાની - એની સાથે વાત કરવાની છૂટ નથી હોતી. ત્યાં ઊભેલા બાઉન્સર્સ સતત એમના વ્યવહાર પર નજર રાખે છે. બિઝનેસની ડિસિપ્લિન (સ્વયંશિસ્ત) બહુ અગત્યની બાબત છે અહીં!

ઑર્ગેનાઇઝરને વિનંતી કરીને આવા એક નૃત્યકાર સાથે વાત કરવાની તક મળી. લોવાથી આવેલો બ્રેન્ડન મિકેનિકલ એન્જિનિયરિંગની ડિગ્રી ધરાવે છે. એણે અનેક કંપનીઓમાં પ્રોડક્ટ ડિઝાઇનર તરીકે કામ કર્યું છે... શિકાગોમાં અમેરિકન ફૂટબોલની ટીમમાં એ હતો. પછી, એને અહીં ડાન્સ કરવાની તક મળી. બ્રેન્ડનને મેં પૂછ્યું, "તમને શરમ નથી આવતી?" જવાબમાં એ હસી પડ્યો... અત્યંત હેન્ડસમ દેખાતો બ્રેન્ડન પહેલી નજરે કોઈ પણ સ્ત્રીને ગમી જાય એટલો દેખાવડો અને એઇટ પૅકનું શરીર ધરાવે છે. એણે જવાબ આપ્યો, "હું મહેનત કરું છું. તમે જુઓ છો ને. અહીં સતત સ્ત્રીઓને ઍન્ટરટેઇન કરવી અને નાચતા રહેવું સહેલું નથી. ત્રણ કલાકના શોમાં પરસેવે રેબઝેબ થઈ જવાય છે. ક્યારેક બે શો હોય છે... ઘેર જઈને પથારીમાં પડું ત્યારે આંખ ક્યારે મિંચાઈ જાય એનો પણ ખ્યાલ નથી રહેતો. મને આનંદ છે કે હું ખૂબ પૈસા કમાઉં છું અને સ્ટાર બની ગયો છું!" બ્રેન્ડને મને પૂછ્યું, "કેન આઈ બાય યુ અ ડ્રિન્ક?" એક સારા ઘરના શાલિન પુરુષનાં તમામ લક્ષણો ધરાવતો બ્રેન્ડન લગ્ન કરવા માગે છે, પરિવાર પણ ઇચ્છે છે. એની પત્ની આ સહન કરશે કે નહીં એવું જ્યારે પૂછ્યું ત્યારે એ ફરી હસવા લાગ્યો... એણે કહ્યું, "પત્ની પસંદ કરીશ ત્યારે એની સાથે એ વિશે ચર્ચા કરીશ..." છેલ્લાં ત્રણ વર્ષથી બ્રેન્ડન આ જ કંપની સાથે કામ કરે છે. એને અનેક જગ્યાએથી ઑફર આવે છે પણ એ માને છે કે જે કંપનીએ એને સ્ટાર બનાવ્યો એને 'ફ્યુ હન્ડ્રેડ ડૉલર્સ (થોડાક સો)' માટે છોડી ન દેવાય! આપણે ત્યાં મૂળ ઑર્ગેનાઇઝરને બાજુએ મૂકીને કેટલાક કલાકારો જાતે જ બીજા ઑર્ગેનાઇઝરને ડેટ આપવાથી શરૂ કરીને ઓછા ભાવે કાર્યક્રમ વેચવા સુધીની વ્યવસ્થા કરી લે છે... ત્યારે એક વિચાર આવે કે આપણે રોજી સાથે પણ પ્રામાણિક નથી રહી શકતા?

પોલો કોએલોની નવલકથા 'એલ્કેમિસ્ટ' બહુ ચર્ચિત અને જાણીતી નવલકથા બની ગઈ, પરંતુ એમણે જ લખેલી એક બીજી નવલકથા 'ઇલેવન મિનિટ્સ' આવી જ એક છોકરીની કથા છે જે પોતાને ગામથી મોટા શહેરમાં પૈસા કમાવા, સેક્સવર્કર તરીકે કામ કરવા આવે છે. આ નવલકથામાં માત્ર પોર્ન સાહિત્ય નથી

- એ છોકરીની આધ્યાત્મિક અને ઇન્ટલેક્ચ્યુઅલ ગ્રોથની કથાને પણ આ વાતમાં વણી લેવાઈ છે. આ છોકરાઓ આપણને નવાઈ લાગે એટલું વાંચે છે, ટ્રાવેલ કરે છે... એમના ધંધામાં પ્રામાણિક છે અને એમના 'પરસેવા'ની કમાણીમાંથી બચત પણ કરે છે, ઘર ખરીદે છે... પરિવાર માટેની યોજનાઓ પણ બનાવે છે.

કોણ કયા વ્યવસાયમાં છે એના કરતાં એ વ્યક્તિ પોતાના વ્યવસાયમાં કેટલી પ્રામાણિક અને કેટલી મહેનતુ છે એવો વિચાર પણ થવો જોઈએ. આપણે આતંકવાદી કે દાણચોરીની ચર્ચા નથી કરતા, પરંતુ જ્યારે કોઈ એક વ્યક્તિ પોતાનો વ્યવસાય પસંદ કરે છે ત્યારે એમાં રહેલી સારી અને ખરાબ બંને બાબતો એ વ્યવસાયની સાથે જ મળે છે, સ્વીકારવી પડે છે. ભારતીય યુવાન જ્યારે પોતાનો વ્યવસાય પસંદ કરે છે ત્યારે એમાં તૈયાર મળતી ગાદીઓ અને એ તૈયાર ગાદી, સત્તા, સંપત્તિની સાથે જોડાયેલી અપ્રામાણિકતાઓ, ખોટું કરવાની શિખામણ અને સમજણ પણ વારસામાં મળે છે. આપણે ટેક્સ કેવી રીતે બચાવવો એ શીખવીએ છીએ, ભ્રષ્ટાચાર-લાંચનું પ્રશિક્ષણ આપીએ છીએ પરંતુ ભવિષ્યની પેઢીને આપણા દેશ માટે, આપણી કરન્સી માટે, આપણા ધ્વજ માટે કે આપણા બંધારણ માટે માન-સન્માન ઊભું થાય એવું કંઈ કરી શકતા નથી.

સંસ્કાર આપણે કોને કહીશું?